## સંક્ષિપ્ત સમાચાર

### દેવસર નવનાથ ધામમાં યાત્રીભવન, ભોજનશાળા ગર્ભગીરીનું લોકાર્પણ


કેરસી બારીયા

બીલીમોરા: દેવસર સ્થિત નવનાથધામ ખાતે બ્રહ્મલીન સાનેદાદાની કૃપા અને છોટેદાદાના સાનિધ્યમાં શ્રી આઈ ભવન (યાત્રી નિવાસ) અને ગર્ભગિરિ પ્રસાદાલય (ભોજનશાળા)નું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર અને સંતોના આશીર્વાદ વચ્ચે યોજાયેલા સમારોહમાં વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સી.આર. પાટીલે નવનાથ ધામની ધર્મ અને સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. હરિયાણાના મહંત યોગી પીર બાલકનાથજીએ સેવા, સાધના અને સંસ્કારને ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ ગણાવી ભક્તોને માનવસેવા માટે પ્રેરિત કર્યા હતા. જ્યારે છોટેદાદાએ જણાવ્યું હતું કે બહુજન હિતાય, બહુજન સુખાયના ધ્યેય સાથે નવનાથ ધામ વર્ષોથી અન્નસેવા અને લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. યાત્રિકોની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ નવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. સમારોહમાં મહંત કમલનાથજી, ભોળાનાથજી, ભરતનાથજી તથા યોગનાથ યોગી સહિતના સંત-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગે મા વિમલા અખૂટ અન્નક્ષેત્ર દ્વારા મહાભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ, સેવા અને સંતવાણીના માહોલ વચ્ચે સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### ડુંગરીમાં પોલીસની કામગીરી સામે ફરિયાદ

વલસાડ: વલસાડના ડુંગરીમાં બે પક્ષકારો વચ્ચે થયેલી મારામારીમાં પોલીસે હળવી કલમ ઉમેરી આરોપીને છોડી મૂક્યાના આક્ષેપ સાથે ભોગ બનનારે વલસાડ જિલ્લા પોલીસ વડાને એક લેખિત ફરિયાદ કરી છે અને ન્યાયની માંગણી કરી છે. ફરિયાદી પાર્થિક નારણભાઇ ટંડેલ (રહે. દાંડી ગામ, વલસાડ) એ જણાવ્યું કે, દાંતી ગામના હાર્દીક ઉર્ફે કાળિયા ગૌતમભાઇ ટંડેલ, રોકી મહેશભાઇ પટેલ અને અન્ય યુવાનોએ તેને લાકડા વડે માથામાં અને શરીરે માર માર્યો હતો. જેમાં તેમને 9 ટાંકા પણ આવ્યા હતા. આ અંગે ડુંગરી પોલીસ મથકે ગત 1 જુનના રોજ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસે આ ફરિયાદમાં હત્યાની કોશિષની બીએનએસની કલમ 109 અને ગંભીર ઇજાની 117(2)ની કલમનો ઉમેરો કર્યો નથી. જેના માટે તેમણે એસપીને ફરિયાદ કરી ફરિયાદમાં આ કલમનો ઉમેરો કરવાની માંગણી કરી હતી. આ કેસમાં આરોપીઓ જામીન પર છૂટી જતાં તેમણે પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠાવ્યા હતા.

### નાનાપોંઢા કુંભારઘાટ નજીક ટેન્કરચાલકે 3 વાહનને ઉડાવ્યા, એકનું મોત




વલસાડ: નાનાપોંઢા કપરાડા માર્ગ ઉપર કુંભઘાટ નજીક આવેલા જોખમી વળાંકના જર્જરીત પુલ પર રવિવારે સવારે 4 વાહનો વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાતાં કાર સહિત બાઇકનો ભૂક્કો બોલી ગયો હતો. અકસ્માતમાં બાઇકચાલકનું મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રો અને ઘટના સ્થળેથી મળતી વિગતો મુજબ, રવિવારે સવારે ટેન્કરના ચાલકે સ્ટેયરીંગ ઉપરથી કાબૂ ગુમાવતા એકી સાથે ત્રણ વાહનને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં સૌ પ્રથમ નાસિક નિવાસી ગિરીશભાઈ મહાજન હ્યુન્ડાઇ વાહનની અડફેટે ચઢ્યા હતા, જેમાં કારને નુકસાન થવા સાથે તેમને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ પૂનાથી હાલોલ જઈ રહેલા ટેમ્પો સાથે અથડાતા તેના ચાલકને ઈજા પહોંચી હતી. ત્રીજી ટક્કરમાં કપરાડાથી માંડવા જઈ રહેલ મોટરસાઇકલને અડફેટે ચઢાવ્યા હતાં. બાઇકચાલક મુકેશભાઈ રામાભાઈ ભૂસારા (ઉ.વ. ૪૦) ચોમાસામાં ખેતરમાં મંડપ બાંધવા નીકળ્યા હતા, તેઓ ગંભીર ઈજા સાથે વલસાડ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બાઇક ઉપર સવાર લાહનુભાઈ લીટિયા (ઉ.વ. ૬૫)ને નાનાપોંઢા ચિરંજીવી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે પાછળ બેઠેલા બાળુભાઈ ગાઈન (રહે.કપરાડા,પાયલ માળ ફળિયું(ઉ.વ.૫૯)ને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટના અંગે પોલીસ તપાસ કરી રહી છે.

### વાપી સલવાવમાં માર માર્યાની ફરિયાદ

વાપી: વાપી નજીકના સલવાવમાં રહેતા છોટુભાઈ ભાણાભાઈ હળપતિ (ઉ.વ. 60) શનિવારે ખેતરે તારખુંટાનું કામ ચાલતુ હોય ત્યાં ગયા બાદ બપોરના સમયે પરત ફર્યો ત્યારે ગામનો જમાઈ ધનસુખભાઈ રઘુભાઈ હળપતિ (ઉ.વ.60, રહે.સલવાવ, મૂળ-કોપરલી) બાઈક લઈને આવ્યો હતો અને કહ્યું કે, છેલ્લા ઘણા સમયથી મારી સાથે સીધી રીતે રેહતો નથી કહી બોલાચાલી કરી અને છોટુભાઈના હાથમાં રહેલી લાકડી છીનવી લઈ તેનાથી માર માર્યો હતો. જે બાદ ઈજાગ્રસ્ત છોટુભાઈને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં. આ બનાવ અંગે છોટુભાઈએ વાપી ડુંગરા પોલીસ મથકે ગામના જમાઈ ધનસુખ સામે ફરિયાદ નોંધાવી હતી.

### સાપુતારા ઘાટ માર્ગ પર મોટી દુર્ઘટના ટળી: કન્ટેર પલટી જતાં ટ્રાફિક જામ

સાપુતારા: સાપુતારા ઘાટ માર્ગ પર આજે રવિવારે એક મોટી દુર્ઘટના સર્જાતા સહેજમાં અટકી હતી. કેરલાથી પાઇપ ફિટિંગનો ભારે જથ્થો ભરીને અમદાવાદ તરફ જઈ રહેલું એક માલવાહક કન્ટેનર સાપુતારા ઘાટના વળાંક પર અચાનક બ્રેક ફેલ થઈ જવાને કારણે બેકાબૂ બન્યું હતું. માર્ગ પર જ પલટી ખાઈ ગયુ હતું. આ અકસ્માત એટલો ગંભીર હતો કે કન્ટેનર પલટી મારતા જ પૂરઝડપે ઘસડાયું હતું. પરંતુ સદનસીબે કન્ટેનરના ચાલકનો આબાદ બચાવ થયો હતો. ઘટનાને પગલે ઘાટ માર્ગ પર થોડો સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને સ્થાનિક પોલીસ તેમજ તંત્ર દ્વારા કન્ટેનરને સાઈડમાં હટાવી માર્ગ ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### પત્ની સાથેના ઝઘડામાં પરુજણના યુવકનો આપઘાત

નવસારી: જલાલપોર તાલુકાના પરૂજણ ગામમાં 25 વર્ષીય મનહરભાઈ બાબુભાઈ હળપતીએ પારિવારિક મનદુ:ખના કારણે ઝેરી દવા પી લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ગત 5 જૂને તેમણે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. બાદમાં ગંભીર હાલતમાં તેમને નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં 6 જૂનની રાત્રે તેમનું અવસાન થયું હતું. બનાવ અંગે લાલુભાઈ સુમનભાઈ રાઠોડે મરોલી પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કેસની તપાસ એ.એસ.આઈ. ગોપાળભાઈ વિરસીંગભાઈ કરી રહ્યા છે.

### ધરમપુરમાં વલસાડ પોલીસની ‘સન્ડે ઓન સાઇકલ’ સાઇક્લોથોન યોજાઈ

ધરમપુર: વલસાડ જિલ્લા પોલીસ દ્વારા નાગરિકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ અને ફિટનેસનો સંદેશ પહોંચાડવાના હેતુથી ધરમપુરમાં ‘સન્ડે ઓન સાઇકલ’ સાઇક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. પી.આઈ. નિખિલભાઈ ભોયાની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, યુવાનો તેમજ સ્થાનિક નાગરિકો જોડાયા હતા. ‘ફિટનેસ કા ડોઝ, અર્ધો કલાક રોજ’ અને ‘ન્યૂ ઇન્ડિયા ફિટ ઇન્ડિયા’ અભિયાન અંતર્ગત આયોજિત સાઇક્લોથોનનો પ્રારંભ ધરમપુરના ત્રણ દરવાજાથી થયો હતો અને આસુરા સર્કલ પાસે સમાપન થયું હતું. રેલી શેરીમાળ ફાટક થઈ બરૂમાળ રોડ પરથી પસાર થઈ હતી, જ્યાં નાગરિકોએ પણ આવકાર આપ્યો હતો. કાર્યક્રમમાં પી.એસ.આઈ. વસાવા સહિત પોલીસ સ્ટાફની ઉપસ્થિતિ રહી હતી.

# વિજલપોર ફાટક બે મહિના બંધ રહેશે 50 હજાર લોકોને મુસીબત

**વૈકલ્પિક** વ્યવસ્થા માટે પણ રસ્તો તૈયાર ન હોવાથી લોકોને બે કિલો મીટરનો ચકરાવો વધી જશે



નવસારી: નવસારી શહેરના સૌથી વ્યસ્ત અને જીવનરેખા સમાન ગણાતા વિજલપોર રેલવે ફાટક (LC-126) અને એરૂ તરફ જતો મુખ્ય માર્ગ આગામી લગભગ બે મહિના માટે સંપૂર્ણપણે બંધ રહે તેવી શક્યતા સામે આવતા હજારો પરિવારોની ચિંતા વધી છે. દરરોજ નોકરી, ધંધા, અભ્યાસ, સારવાર અને અન્ય જરૂરી કામો માટે આ માર્ગનો ઉપયોગ કરતા લોકો માટે આવનારો સમય કપરો બની શકે છે.

મુંબઈ-દિલ્હી ટ્રેક રૂટ પર નિર્માણાધીન રેલવે ઓવર બ્રિજના એરૂ સાઈડના ભાગમાં સ્લેબ ભરવાની કામગીરી હાથ ધરાવાની હોવાથી સુરક્ષાના કારણોસર માર્ગ અને રેલવે ફાટકને અસ્થાયી ધોરણે બંધ રાખવાની જરૂરિયાત ઉભી થઈ છે. આ અંગે રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ દ્વારા નવસારી મહાનગરપાલિકાને જરૂરી જાહેરનામું બહાર પાડવા રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. વિભાગના મતે ચાલુ ટ્રાફિક વચ્ચે આ કામગીરી કરવાથી અકસ્માત કે જાનહાનિનું જોખમ ઊભું થઈ શકે છે.પરંતુ આ નિર્ણયની સૌથી મોટી અસર સામાન્ય નાગરિકો પર પડશે. વિજલપોર, એરૂ, કબીલપોર અને આસપાસના વિસ્તારોના 50 હજારથી વધુ વાહનચાલકોને રોજ અંદાજે 2 કિલોમીટરનો વધારાનો ચકરાવો કરવો પડી શકે છે. રોજિંદી અવરજવર માટે પહેલેથી જ ટ્રાફિકના ભારનો સામનો કરતા લોકો માટે હવે સમય, ઈંધણ અને ખર્ચ ત્રણેયમાં વધારો થવાની શક્યતા છે.

આ દરમિયાન એરૂ સાઈડ પર વૈકલ્પિક માર્ગ તરીકે તૈયાર થઈ રહેલા સી.સી. સર્વિસ રોડનું કામ પણ ચર્ચાનો વિષય બન્યું છે. મેયર અને મ્યુનિસિપલ કમિશનરની મુલાકાત બાદ શરૂ થયેલી કામગીરી ડ્રેનેજ વિભાગના અધૂરા કામને કારણે અટકી પડતાં લોકોમાં ચિંતા વધી છે. સ્થાનિકોનું માનવું છે કે મુખ્ય માર્ગ બંધ કરતા પહેલાં વૈકલ્પિક રસ્તો સંપૂર્ણપણે તૈયાર હોવો જોઈએ, જેથી જનતાને ઓછામાં ઓછી મુશ્કેલી પડે.

શહેરના વિકાસ માટે રેલવે ઓવર બ્રિજ એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે અને લાંબા ગાળે ટ્રાફિક સમસ્યાના નિરાકરણમાં મદદરૂપ બનશે. છતાં હાલ લોકોનો એક જ સવાલ છે – વિકાસની કિંમત શું માત્ર સામાન્ય નાગરિકોએ જ ચૂકવવાની? હવે સૌની નજર તંત્રના આગામી નિર્ણય અને ટ્રાફિક માટેની વૈકલ્પિક વ્યવસ્થાઓ પર ટકેલી છે.



કેરસી બારીયા

# બીલીમોરામાં ગેરકાયદેસર બાંધકામો દૂર કરાયાં

**બીલીમોરામાં** અંદાજે રૂ. ૩૨ કરોડની સરકારી જમીન દબાણમુક્ત કરાઈ

બીલીમોરા: બીલીમોરા સિટી સરવે નંબર ૨૧૯૭ (ક્ષેત્રફળ ૬૦૭૨ ચો.મી.) અને ૨૨૯૫ (ક્ષેત્રફળ ૯૯૫૩ ચો.મી.)વાળી જમીન સરકારની માલિકીની છે. જેના પર કેટલાક ખાનગી લોકો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી કાચા-પાકા મકાનો અને ઓરડીઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું, તેમજ ઇંટના ભઠ્ઠા જેવી વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હતી.

આ ગેરકાયદેસર દબાણ દૂર કરવા જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની અને ચીખલી પ્રાંત અધિકારી મિતેષ પટેલના માર્ગદર્શન હેઠળ સિટી સરવે સુપ્રિટેન્ડેન્ટ, મામલતદાર ગણદેવી અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શનિવારે આ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. અંદાજિત રૂ. ૩૨ કરોડની સરકારી જમીન દબાણમુક્ત કરાઈ હતી.

# વેકેશનના છેલ્લા દિવસે સાપુતારમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો

**કીડિયારું** ઊભરાતાં પ્રત્યેક સ્થળે લાંબી કતારો જોવા મળી


ગીરીશ ભોયે

સાપુતારા: ઉનાળુ વેકેશન પૂર્ણ થવાના આરે હોવાથી અને આગામી દિવસોથી શાળાઓ પુન: શરૂ થવા જઈ રહી છે, ત્યારે લોકોએ વેકેશનની છેલ્લી પળોને યાદગાર બનાવવા માટે સાપુતારા પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. શનિ-રવિ અને વેકેશનનો છેલ્લો દિવસ હોવાના કારણે વહેલી સવારથી જ પ્રવાસીઓની ભારે ભીડ ઉમટી પડી હતી. જેને પગલે સમગ્ર ગિરિમથક પ્રવાસીઓથી ઉભરાઈ ગયું હતું. સ્થાનિક પર્યટન સ્થળો પર નજર કરીએ તો, સાપુતારાના પ્રખ્યાત ટેબલ પોઇન્ટ અને સનસેટ પોઇન્ટ જેવાં જોવાલાયક સ્થળો પર પગ મૂકવાની પણ જગ્યા નહોતી. આહ્લાદક વાતાવરણ વચ્ચે પ્રવાસીઓએ વિવિધ પ્રકારની મનોરંજક અને એડવેન્ચર એક્ટિવિટીઝની મન ભરીને મજા માણી હતી. સાહસના શોખીનો માટે પેરાગ્લાયડીંગ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું, જ્યાં પ્રવાસીઓએ આકાશમાંથી સાપુતારાની હરિયાળીનો નજારો માણ્યો હતો. આ ઉપરાંત, રોપવે (કેબલ કાર) અને અન્ય રોમાંચક એડવેન્ચર એક્ટિવિટીઝમાં ભાગ લેવા માટે લોકોની લાંબી કતારો જોવા મળી હતી. સાપુતારા સરોવર (લેક) ખાતે બોટિંગ કરવા માટે પણ સવારથી જ સહેલાણીઓનો ભારે ધસારો રહ્યો હતો. પરિવારો અને મિત્રોના જૂથોએ શાંત પાણીમાં નૌકાવિહારનો આનંદ લીધો હતો. વેકેશનના આ અંતિમ રવિવારે પ્રવાસીઓની ભારે ભીડને પગલે સ્થાનિક વેપારીઓ, હોટલ સંચાલકો અને નાના-મોટા રોજગાર મેળવતા સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી હતી અને તમામ પર્યટન સ્થળો પર ભારે ચહલપહલ સાથે વેકેશનની ધમાકેદાર પૂર્ણાહુતિ થઈ હતી.

# નવસારીમાં કેટલાંક પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ ન થવાથી વાલીઓમાં ચિંતા

**છેલ્લા** દિવસોમાં સ્ટેશનરીની દુકાનો પર ભીડ જામી, પુસ્તકો માટે વાલીઓને એકથી બીજી દુકાનના ધક્કા ખાવા પડ્યા




નવસારી: નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત આવતી કાલથી થઈ રહી છે ત્યારે નવસારી જિલ્લાના સ્ટેશનરી બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે. વિદ્યાર્થીઓના ચહેરા પર નવા શૈક્ષણિક વર્ષની ઉત્સુકતા જોવા મળી રહી છે તો બીજી તરફ વાલીઓ પોતાનાં બાળકો માટે પુસ્તકો, નોટબૂકો, સ્કૂલ બેગ અને અન્ય જરૂરી સામગ્રીની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. સોમવારથી કેટલીક શાળાઓ શરૂ થવાની હોવાથી બજારમાં હાલ ખાસ્સી ચહલપહલ જોવા મળી રહી છે. આ ઉત્સાહ વચ્ચે અનેક વાલીઓ માટે ચિંતાનો વિષય પણ ઉભો થયો છે. કેટલાક ધોરણોના અભ્યાસક્રમમાં ફેરફાર થતાં સંબંધિત પુસ્તકો હજુ બજારમાં ઉપલબ્ધ થયા નથી. પરિણામે ઘણા વાલીઓ પોતાનાં બાળકોના અભ્યાસને લઈને ચિંતિત બન્યા છે અને જરૂરી પુસ્તકોની શોધમાં એક દુકાનથી બીજી દુકાન સુધી ચક્કર લગાવી રહ્યા છે. પ્રકાશકો તરફથી પણ પુસ્તકો ક્યારે ઉપલબ્ધ થશે તેની સ્પષ્ટતા ન થતાં અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

ધી નવસારી સ્ટેશનરી મર્ચન્ટ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખ હેમલભાઈ શાહે જણાવ્યું હતું કે વેપારીઓ ગ્રાહકોને જરૂરી પુસ્તકો અને સ્ટેશનરી સમયસર ઉપલબ્ધ કરાવવા સતત પ્રયાસ કરી રહ્યા છે. નવાં પુસ્તકો બજારમાં આવતા જ તેનું વિતરણ કરવામાં આવશે.

# નવસારીના રિંગ રોડ પરથી ગેરકાયદે દબાણોનો સફાયો

**મહાનગરપાલિકા** અને ટ્રાફિક પોલીસની સંયુક્ત કાર્યવાહીથી માર્ગ વધુ ખુલ્લો બન્યો



નવસારી: શહેરના રિંગ રોડ પર લાંબા સમયથી ઉભાં કરાયેલાં દબાણો સામે નવસારી મહાનગરપાલિકા તંત્રે કડક વલણ અપનાવ્યું છે. મહાનગરપાલિકા કમિશનરની અધ્યક્ષતામાં યોજાયેલી સંકલન બેઠકમાં રિંગ રોડ પરનાં દબાણો અંગે ગંભીર રજૂઆતો થતાં તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું.

બેઠકમાં ટ્રાફિકની સમસ્યા, માર્ગ સંકોચાઈ જવો અને રાહદારીઓને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા થયા બાદ દબાણો દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ દબાણ શાખા અને ટ્રાફિક પોલીસની સંયુક્ત ટીમે રિંગ રોડ પર વિશેષ અભિયાન હાથ ધર્યું હતું.

કાર્યવાહી દરમિયાન રસ્તા અને ફૂટપાથ પર ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલાં દબાણો, સામાન અને અન્ય અવરોધોને દૂર કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશના કારણે લાંબા સમયથી સંકડાયેલા માર્ગો ફરી ખુલ્લા બન્યા હતા અને વાહનવ્યવહાર વધુ વ્યવસ્થિત બન્યો હતો. રિંગ રોડ પરની આ કાર્યવાહી બાદ શહેરના અન્ય વિસ્તારોમાં પણ દબાણો સામે ઝુંબેશ વધુ તેજ બનાવવાની તૈયારી દર્શાવવામાં આવી રહી છે. રિંગ રોડ પર થયેલી આ કામગીરીથી સ્થાનિક નાગરિકો, વાહનચાલકો અને રાહદારીઓમાં રાહતની લાગણી જોવા મળી હતી.

### બીલીમોરામાં ચાલતા ચાલતા ઢળી પડ્યા ને મળ્યું મોત

બીલીમોરા: બીલીમોરામાં એક વ્યક્તિ ચાલતા ચાલતા પડી જતા મોતની ભેટ્યો હતો, જ્યારે ગણદેવી નજીકના તોરણગામ પાસેથી પસાર થતી અંબિકા નદીમાં નાહવા ગયેલા એકનું પાણીમાં ડૂબી જતા મોત થયું હતું. બીલીમોરા ઘર નંબર ૧૧ મંજુલ નગર સોસાયટી, સોમનાથ મંદિર પાછળ રહેતા કિરણભાઈ કંચનભાઈ પટેલ (૫૦) પોતાના ઘરના ટેરેસ ઉપર ચાલતા ચાલતા અચાનક બેભાન થઈ ગયા હતા. પરિવારજનો તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. દિપક કંચનભાઈ પટેલે બનાવની જાણ બીલીમોરા પોલીસને કરી હતી. ગણદેવી નજીક તોરણગામ મંદિર ફળિયામાં રહેતા મહેશભાઈ જગુભાઈ પટેલ (૪૬) નજીકમાંથી પસાર થતી અંબિકા નદીમાં બપોરના સમયે નાહવા ગયા હતા. જ્યાં તે નદીના ઊંડા પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું.

# વલસાડમાં 13 માળેથી કૂદીને આપઘાત

**માતા** અને બહેનનો આધારસ્તંભ છીનવાઈ જતાં શોકની લાગણી છવાઈ

વલસાડ: વલસાડની સરદાર હાઈટ્સ સોસાયટીના દમણગંગા એપાર્ટમેન્ટના 13મા માળેથી રવિવારે એક યુવાને કૂદીને આપઘાત કર્યો હતો. આ ઘટનાના પગલે બિલ્ડીંગ જ નહી, પરંતુ સમગ્ર સોસાયટીના લોકો સ્તબ્ધ થઈ ગયા હતાં. તપાસ કરતાં મૃતક યુવાન બિલ્ડીંગનો નહીં, પરંતુ વલસાડ સુગર ફળિયાનો હોવાનું બહાર આવ્યું હતુ. તેમજ તે પીઝા ડિલીવરીનું કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે.

વલસાડના સુગર ફળિયામાં રહેતો અને ડોમિનોઝ પીઝામાં ડિલિવરી બોય તરીકે કામ કરતો માનવ પટેલ (ઉ.વ, 22) એ રવિવારે સરદાર હાઈટ્સ સોસાયટીમાં જઈને 13 માળેથી કૂદી પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનાના પગલે બિલ્ડીંગના લોકો એકત્ર થઈ ગયા હતા અને તેમણે પોલીસને બોલાવી હતી. ત્યારબાદ તેની ઓળખ થઈ અને તેના પરિવારને તેની જાણ કરાઈ હતી. માનવની આર્થિક હાલત સારી ન હતી. તેના પરિવારમાં માતા અને બહેન છે. તેમના પરિવારનો આધાર સ્થંભ છીનવાઈ જતાં તેમનો સહારો છીનવાઈ ગયો હતો. આ ઘટના અંગે પોલીસે બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઓપરેશન મ્યુલ હન્ટ 2 .0 તળે નવસારી પોલીસે બે આરોપીને પકડી પાડ્યા

**રૂ. 91.54** કરોડની 110 સાયબર ઠગાઈ ફરિયાદો સાથે જોડાયેલા બેંક એકાઉન્ટોના તાર મળ્યા



નવસારી: સાયબર ઠગાઈ માટે મ્યુલ બેંક એકાઉન્ટો ઉપલબ્ધ કરાવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં મદદરૂપ બનતા બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસે એરૂ ચાર રસ્તા પાસે આવેલા મારૂતી પેલેસ એપાર્ટમેન્ટ ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંથી લખવિંદર શરવનસિંહ (ઉ.વ. 33) અને આદિત્ય ઉર્ફે બંટી અક્ષયભાઈ પટેલ (ઉ.વ. 28)ની અટકાયત કરવામાં આવી હતી. બંને આરોપીઓ મારૂતી પેલેસ એપાર્ટમેન્ટના ફ્લેટ નં. B-406માં રહેતા હોવાનું સ્પષ્ટ થયું હતું.

તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી 43 જેટલાં ડેબિટ-ક્રેડિટ કાર્ડ, 7 પાસબુક, 13 ચેકબુક, 4 ચેક, 3 મોબાઈલ ફોન, 7 સિમકાર્ડ, 23 આધારકાર્ડ, 3 ચૂંટણી કાર્ડ, 6 આર.સી. બુક તથા ડ્રાઈવિંગ લાઈસન્સ, 70 પાસપોર્ટ સાઈઝ ફોટા સહિત મહત્વના દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા. સાયબર ક્રાઈમ પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓ લોકોને લાલચ આપી તેમના નામે બેંક એકાઉન્ટ ખોલાવતા હતા. ત્યારબાદ આ એકાઉન્ટો સાયબર ઠગાઈમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓને સોંપવામાં આવતા હતા. ઠગાઈથી પ્રાપ્ત થયેલી રકમ એકાઉન્ટમાં જમા થયા બાદ ઉપાડી લેવામાં આવતી અને કમિશન કાપીને બાકીની રકમ USDT મારફતે અન્ય સાગરિતો સુધી પહોંચાડવામાં આવતી હતી. આરોપીઓ પાસેથી મળેલા બેંક એકાઉન્ટોની તપાસ દરમિયાન દેશના વિવિધ રાજ્યોમાં NCCRP પોર્ટલ પર નોંધાયેલી આશરે 110 સાયબર ઠગાઈની ફરિયાદો સામે આવી છે. આ ફરિયાદોમાં કુલ રૂ. 91.54 કરોડથી વધુની રકમની છેતરપિંડી થયાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.


